# સીએનજીના ભાવમાં ૧૨ રૂપિયા સુધીનો ઘટાડો




## પીએનજીની કિંમતમાં પાંચ રૂપિયાનો ઘટાડો કરાયો : ગાંધીનગર, અમદાવાદ અને વડોદરામાં લાખો લોકોને સીધો ફાયદો થશે

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ અને વડોદરામાં સીએનજી વાહનો ધરાવતા લોકોને મોટી રાહત મળે તેવી એક હિલચાલમાં અદાણી ગેસ લિમિટેડે આજે સીએનજીની કિંમતમાં પ્રતિકિલો ૧૨ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો હતો. અદાણી ગેસે ૨૬મી ડિસેમ્બર બાદ બીજી વખત ગેસની કિંમતમાં ઘટાડો કર્યો છે. ગેસની કિંમતોમાં ઘટાડો કર્યા બાદ લાખો લોકોને આનો સીધો ફાયદો થશે. કંપનીએ પીએનજી(ડોમેસ્ટીક)ની કિંમતમાં પાંચ રૂપિયા સુધીનો ઘટાડો કર્યો છે. પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મિટર પાંચનો ઘટાડો કર્યો છે જેથી રાજ્યમાં ૧.૯ લાખ પરિવારોને આનો સીધો ફાયદો થશે. કંપની તરફથી જારી કરવામાં આવેલી એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે કે સ્થાનિક ગેસના વધારાની ફાળવણીના અનુસંધાનમાં અમદાવાદ અને વડોદરામાં સીએનજીની કિંમતમાં ઘટાડો કરવામાં આવી રહ્યો છે. સીએનજીની કિંમત પ્રતિકિલો ૫૮.૭૫થી ઘટાડીને ૪૬.૭૫ રૂપિયા કરવામાં આવી રહી છે જ્યારે પીએનજીની કિંમત ૨૮.૮૦ પ્રતિ એચસીએમથી ઘટાડીને ૨૩.૮૦

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

બુધ્ધ અને મહાવીર આપણે બનવું છે, પણ તેમની જેમ રાજપાટ, સંસાર, માયા જરાય છોડવું નથી
- જૈન સૂત્ર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૩૮ | ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૪, બુધવાર; મહા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● છત્તીસગઢમાં મોદી ટી-૨૦ ક્રિકેટ સ્પર્ધા યોજાશે**

લોકસભાની ચૂંટણીઓ

નજીક છે ત્યારે મતદારોને આકર્ષવા નીતનવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. છત્તીસગઢમાં ભાજપે યુવાન મતદારોને આકર્ષવા ટી-૨૦ મોદી કપ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાનું આયોજન ભાજપ યુવા મોરચા દ્વારા કરવામાં આવ્યું છે. વિજેતાને રોકડ રકમ તથા ટ્રોફી સહિતના ઈનામો આપવામાં આવશે.

**● બ્લડ ટેસ્ટથી હવે ૧૦૦ વર્ષ જીવનારા અંગે જાણી શકાશે**

વૈજ્ઞાનિકો હાલમાં એક એવા બ્લડ ટેસ્ટ ઉપર સંશોધન કરી રહ્યા છે જે બ્લડ ટેસ્ટ ક્ષેત્રે ક્રાંતિ લાવશે. આ બ્લડ ટેસ્ટને લઈને વૈજ્ઞાનિકો આશાવાદી દેખાઈ રહ્યા છે. સંશોધકોએ લાંબા આયુષ્ય સાથે સંબંધ ધરાવતા ૨૮૧ જીનેટિક માર્કસ શોધી કાઢ્યા છે. હવે માત્ર જીનેટીક ડેટાનો ઉપયોગ કરીને ૧૦૦ વર્ષથી વધુ જીવનારા વ્યક્તિઓ અંગેની માહિતી મળી શકશે.

**● મોદી ગુજરાત બહાર ચૂંટણી લડે તો કેજરીવાલ સામે ટકરાશે**

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી જો લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની બહાર ઝંપલાવશે તો કેજરીવાલ તેમની વિરૂદ્ધ ચૂંટણી લડી શકે છે. આપના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યુ હતુ કે પાર્ટીમાં ઘણા લોકો આ બાબતને સમર્થન આપી રહ્યા છે.

# આજે ગ્રામભારતી આવતા અબ્દુલ કલામ

## ગાંધીનગરના પાદરે ગ્રામભારતી આવતા પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પાંચ ઈનોવેટીવ આઈડિયા આપનાર વિદ્યાર્થીઓને સન્માનશે : બોગસ મતદાન અટકાવવા ઈ.વી.એમ.માં જ આઈકાર્ડ વેરીફીકેશનની ચીપ લગાવો : મૌલિક ભોઈ

*(પ્રકાશ જહા)* ગાંધીનગર, તા. ૧૮

બોગસ મતદાન અટકાવવા માટે ઈ.વી.એમ. સાથે આઈ.કાર્ડ વેરીફીકેશનની સુવિધા વિકસાવવી જોઈએ તેવો ઈનોવેટીવ આઈડિયા દહેગામ તાલુકાની ભોઈ વડોદરા ગામની પ્રા. શાળાના વિદ્યાર્થી મૌલિક ભોઈએ પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામને સૂચવ્યો છે.

આજે ગાંધીનગર નજીક ગ્રામભારતી ખાતેના કાર્યક્રમમાં હાજરી આપવા આવી રહેલા પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ જિલ્લાના પાંચ બાળકોને તેમના ઈનોવેટીવ આઈડિયાના સજેન્સ માટે ખાસ સન્માનિત કરનાર છે.

જિલ્લાના આ પાંચ બાળકોમાં ૩ બાળકો દહેગામ તાલુકાની પ્રા. શાળાના વિદ્યાર્થીઓ છે. ૧ બાળક માણસા અને ૧ બાળક ગાંધીનગર તાલુકાની રાયસણ પ્રા. શાળાની વિદ્યાર્થિની છે. જિલ્લાની વિવિધ પ્રા. શાળામાંથી ૩ હજારથી પણ વધુ બાળકોએ તેમના વિવિધ આઈડિયા પૂર્વ રાષ્ટ્રપતિને પાઠવ્યા હતા.

આ મૌલિકે સૂચવ્યુ છે કે આ માટે ચૂંટણી પંચે પણ ઝડપથી આગળ વધવુ જોઈએ. પંચે મતદાની ટકાવારી વધે તે માટે વોટર સ્લીપ આપવાનો અભિગમ અપનાવ્યો છે. લોકસભાની ચૂંટણી માટે હવે સમય નજીક આવી રહ્યો છે ત્યારે મૌલિકના આ નવા સૂચનને વધુ મહત્વ મળી રહ્યું છે. ચૂંટણીમાં બોગસ મતદાન થતુ અટકે તેના માટે પંચ પણ ચિંતીત છે.

જિલ્લાના માણસા તાલુકાની બોરૂ ગામની બાળા કુ. છાયા ઠાકોરે એવુ સૂચન કર્યુ છે કે જાહેર સ્થળો પર પાણી પીવા માટેના નળ એ બાળકની ઊંચાઈને ધ્યાને રાખી મુકવા જોઈએ જેથી પાણીનો બગાડ થતો અટકી શકે.

ગાંધીનગર તાલુકાના રાયસણની વિદ્યાર્થિની બિનલ રબારીએ શાળા છુટી ગયા બાદ જો બાળક સ્કુલમાં રહી જાય તો શાળામાં સાયરન વાગે તેવી વ્યવસ્થા વિકસાવવી જોઈએ.

દહેગામ તાલુકાના મોટી મોતેલી પ્રા. શાળાના સ્નેહલ ચૌહાણે કારની ડેકીમાં નહિ પણ કારની વચ્ચે વ્હીલ હોવુ જોઈએ. જે કારમાં પંક્ચર પડે ત્યારે જેકની કામગીરી પણ કરી શકે તેમજ પાર્કિંગ માટે મદદરૂપ થાય તેવી ડિઝાઈનનું હોવુ જોઈએ.

દહેગામ તાલુકાના દાનભાઈના પરાની પરાની પ્રા. શાળાના વિદ્યાર્થી અરવિંદ ચૌહાણે પૂર્વ રાષ્ટ્રપતિને સૂચવ્યુ છે કે રતાંધણાપણુ એ માણસ માટે શ્રાપ છે ત્યારે જાહેર વહીવટીય કચેરીઓ માટે ખાસ કલર કોડ અપનાવવા જોઈએ જેથી આ રોગથી પિડાતા દર્દીને કોઈની પણ સહાયની જરૂર ન પડે.

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીયા ફાર્મમાં ચાલુ લગ્નમાં ક્રેઈન પડતા પાંચ ઘાયલ : એક ગંભીર

### દુલ્હનને મંડપમાં પેશ કરવા ક્રેઈન મંગાવાઈ હતી ઈજાગ્રસ્તો સોલા અને વી.એસ. હોસ્પિટલમાં ખસેડાયા

*(તસવીર : વિપુલ ચૌહાણ)*

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર-સરખેજ હાઈવે પર અડાલજ ખાતે આવેલા શ્રીયા ફાર્મમાં આજે સત્કાર સમારંભનું આયોજન થયેલું હતું. દુલ્હનને પેશ કરવા માટે ક્રેઈન લાવવામાં આવી હતી. આ ક્રેઈન અચાનક પડી જતા પાંચ વ્યક્તિઓ ઘાયલ થવા પામ્યા છે. મોડી સાંજે બનેલી આ ઘટનાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને થતા અડાલજ ૧૦૮ની ટીમના જીગીષાબેન તથા પાયલોટ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઈજાગ્રસ્ત પાંચેયને તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી નથી.

પાંચ ઈજાગ્રસ્તોને સોલા હોસ્પિટલ લઈ જવાયા હતા. જેમાં બેને વધુ ઈજા જણાતા તેમને તાત્કાલિક વી.એસ. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. મોડીરાત્રે મળતી માહિતી મુજબ એકની હાલત ગંભીર ગોવાનું જાણવા મળેલ છે. લગ્નના ઉલ્લાસના વાતાવરણમાં દુર્ઘટનાથી ગમગીની છવાઈ ગઈ હતી.

## ૨૪ ઉપસચિવને નાયબ સચિવ તરીકે બઢતીના આદેશ

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે આજે સચિવાલય સંવર્ગના ઉપસચિવને નાયબ સચિવ તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે. જેમાં બે નાયબ સચિવોની બદલીનો પણ સમાવેશ થાય છે.

આજે કરાયેલા આ હુકમમાં કે.એસ. પ્રજાપતિ, એસ.એસ. કાનાબાર, જી.કે. ઠાકોર, વી.ટી. મંડોરા, ડી.બી. પરમાર, જે.એલ. વાળા, કે.આર. ઓઝા, પી.બી. પટ્ટણી, વાય.પી. રાવલ, આર.એમ. છત્રપતિ, આર.એચ. વસાવા, એમ.બી. સોની, આર.જી. દેસાઈ, એસ.કે. સોની, એમ.એ. ગોરીયા, પી.વી. પીઠવા, એ.ટી. પરમાર, એચ. ડબલ્યુ ક્રિશ્ચિયન, એન.ડી. હળપતિ, પી.એચ. ગરાસીયા, એમ.આર. ચૌહાણ, બી.એલ. બારીયા અને બી.આર. ભગોરાનો સમાવેશ થાય છે.